ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૬ ટકા

# સિવિલમાં અત્યાર સુધી ૨૩૪૬૮ ડાયાલિસીસ થયા

ગાંધીનગર, તા.૧૩

દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરુવારે વિશ્વ કિડની દિવસ તરીકે ઉજવવમાં આવે છે. કિડનીની બિમારીથી દર વર્ષે લાખો દર્દીઓના મૃત્યું થાય છે. અત્યારે આ મૃત્યુનું સૌથી વધુ ઝડપથી વધતુ છઠ્ઠુ કારણ છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૫ સપ્ટેમ્બર માસમાં ડાયાલિસીસ સેન્ટરનો પ્રારંભ થયો હતો. આ ડાયાલિસીસ સેન્ટર આસપાસના વિસ્તારના દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થયું છે. ગાંધીનગર શહેર અને આસપાસના જિલ્લાના ૮૫ દર્દીઓ ડાયાલિસીસ માટે આવે છે. જયારે ગાંધીનગર સિવિલમાં સવારના ૯ થી સાંજના ૫ કલાક સુધી રોજના ૨૮ થી ૩૦ ડાયાલિસીસ કરવામાં આવે છે. જયારે ડાયાલિસીસના પ્રારંભથી અત્યાર સુધી ૨૩,૪૬૮ ડાયાલિસીસ સેન્ટર ખાતે કરવામાં આવ્યા છે.

ડાયાબિટીસ અને હાઈપર ટેન્શનથી કિડનીની બિમારી થવાની સંભાવના વધુ રહે છે. યોગ્ય ભોજનથી કિડનીના રોગને નિયંત્રણમાં રાખી શકાય છે. કિડનીના રોગથી પિડાતા દર્દીઓને ડાયાલિસીસ માટે પહેલા અમદાવાદ ખાતે જવુ પડતું હતું. પરંતુ આઈકેડીઆરસીઆઈટીએસ દ્વારા ગાંધીનગર ખાતે સેન્ટર ઉભુ કરાયું છે. પાટનગરનું ડાયાલિસીસ સેન્ટર રાજયનું ૪૫મું સેન્ટર છે. આ સેન્ટરમાં સવારે ૯ થી ૫ દરમિયાન જીગ્નેશ પંડયા, સંગીતા મીના, નેહલ પરમાર, રૂપલબેન અને વિજયભાઈ મિસ્ત્રી સહિતનો ટ્રેઈનીંગ પામેલ સ્ટાફ ફરજ બજાવે છે. ત્યારે દર્દીઓની નિયમિત ચકાસણી માટે નેફ્રોલોજી ડોકટર જીગ્નેશ શ્રીમાળી સેવા આપી રહ્યા છે. ગાંધીનગર ડાયાલિસીસ સેન્ટરમાં વર્ષ ૨૦૧૫ માં ૧૦-૯-૧૫ થી ૩૧-૧૨-૧૫ સુધી ૧૧૯૭, વર્ષ ૨૦૧૬-૫૭૧૪, ૨૦૧૭-૭૧૩૭, વર્ષ૨૦૧૮ -૮૦૦૯ તેમજ ચાલુ વર્ષે જાન્યુઆરીમાં ૭૪૩ તેમજ ફેબ્રુઆરીમાં ૬૬૮ દર્દીઓના ડાયાલિસ સેન્ટર ખાતે થવા પામ્યા છે. સેન્ટરમાં ૧૬ ડાયાલિસીસ મશીન કાર્યરત છે. ત્યારે ખરેખર ગાંધીનગરનું ડાયાલિસીસ સેન્ટર દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થયું છે.





ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં શૌચાલયોમાં પાણી આવતા નથી તેની રોજ બરોજ બુમો ઉઠે છે. નળમાં પાણી આવતુ નથી પરંતુ સિવિલની છતમાંથી ટપકતા પાણીથી ચોકકસ ડોલ ભરાઈ જાય છે. ત્યારે સિવિલના ૭ અને ૮ માં માળે ટપકતા પાણીને રોકવા માટે ઠેર ઠેર વસ્તુ મુકવામાં આવે છે. પીઆઈયુ વિભાગને લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા સિવિલની ટપકતી છતમાંથી પાણી બંધ થતા નથી. ત્યારે છતમાંથી ટપકતા પાણી બંધ થાય તેની રાહ દર્દીઓ જોઈ રહ્યા છે.

## અડાલજ કોંગ્રેસની સભામાંથી પાંચ પાકીટમાર ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક અડાલજ ખાતે કોંગ્રેસ પક્ષની જાહેર સભા યોજાઈ હતી. આ સભામાં લાખોની સંખ્યામાં કાર્યકર ભાઈ બહેનો હાજર રહ્યા હતા. કાર્યક્રમને પગલે પોલીસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. તેમ છતા જાહેરસભાની ભીડભાડની જગ્યામાં કાર્યકરોના પાકીટ ચોરતા પાંચ પાકીટમાર એલસીબી પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ ગયા છે. પોલીસે ગુનો નોંધી પાકીટો સાથે રોકડ રૂ. ૨૫૬૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ ત્રિ-મંદિર ખાતે યોજાયેલી કોંગ્રેસ પક્ષની જાહેર સભામાં પીક પોકેટીંગ તેમજ અન્ય કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ સુચના આપી હતી. જેને પગલે એલસીબી ટીમના મહિલા પીએસઆઈ વી.બી.વર્મા સહિત ટીમના સભ્યો તકેદારીના ભાગરુપે બંદોબસ્ત વોચ-પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન જાહેરસભામાં ભીડભાડવાળી જગ્યામાં પીક-પોકેટીંગ કરતા કુલ-૫ પાકીટમારોને ઝડપી પાડવામાં આવ્યા છે. જેમાં અજય સન ઓફ સુરેશ છનાભાઈ દંતાણી ઉ.વ.૧૯ રહે.મકાન. ૪૦૧, પોસ્ટ ઓફિસની બાજુમાં અમરાઈવાડી અમદાવાદ, ઈશ્વર સન ઓફ બજરંગ ગાયકવાડ ઉવ.૨૦ રહે.કેકાડીવાસ, નરોડા પાટીયા, વિજય સન ઓફ બજરંગ ભીમરાવ જાદવ ઉવ.૨૨ રહે.નરોડા પાટીયા અમદાવાદ, મહેશ સનઓફ નારાયણદાસ અશુમલ સિંધી ઉ.વ.૨૪ રહે. નરોડા અમદાવાદ, સત્તાર રહીમભાઈ પઠાણ ઉ.વ.૫૨ રહે. બાળ તળાવ ભાવનગરવાળાને પકડી પાડ્યો છે. પોલીસ દ્વારા પાંચેય શખ્સોની અંગ જડતી દરમિયાન તેમની પાસેથી પાકીટો સાથે રોકડ રૂ. ૨૫૬૮૦ મળી આવતા તે અંગે પુછપરછ કરી હતી. જેમાં તેઓએ આ રોકડ સહિતના પાકીટો જાહેરસભામાં ભીડભાડવાડી જગ્યામાંથી કાર્યકરોના ખીસ્સામાંથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. આ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સમર્પણ કોલેજના ટી.વાય.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસની સંલગ્ન સંસ્થા 'સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ'ના ટી.વાય.બી.એસસી. તથા ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તા. ૨-૩-૨૦૧૯ના રોજ સાંજે ૫-૦૦ વાગે કોલેજ પરિસરમાં યોજાયો હતો.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, ટ્રસ્ટીશ્રી વિજયસિંહ વાઘેલા, સમર્પણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસના રજીસ્ટ્રાર ડો. એમ.ડી. પાંડે તથા આમંત્રિત મહેમાન તરીકે તેમજ બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલાબાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડો. આકાશ પટેલ તથા સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડો. રીતુ સકસેના હાજર રહ્યા હતા.




મહેમાનોનો પરિચય તથા સ્વાગત ડો. રીતુ સકસેના મેડમે કર્યા હતા તથા સંસ્થાના ટ્રસ્ટીશ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ પોતાના વકતવ્યમાં સંસ્થામાં ભણતા ટી.વાય.ના વિદ્યાર્થીઓની ત્રણ વર્ષના અભ્યાસક્રમથી મેળવેલા જ્ઞાન અને શૈક્ષણિક તથા સહશૈક્ષણિક કુશળતાઓ ઉત્તરોત્તર પ્રગતિના આશિર્વચન પાઠવતાં જણાવ્યું હતું કે સંસ્થાની સાયન્સ એન્ડ કોમર્સ કોલેજનાં સમાજલક્ષી ઉત્તમ કાર્યો માટે થાય તથા આ સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન સાથે જોડાઈને આજીવન સંસ્થા સાથે સંકળાયેલ રહે તેવી ઈચ્છા વયકત કરી હતી. તથા વિદ્યાર્થીઓને યાદગીરી રૂપે ટ્રસ્ટના ચેરમેનશ્રી શંકરસિંહ વાઘેલાબાપુશ્રીના આશીર્વચન સાથેનો સંદેશ લખેલું પુસ્તક ભેટમાં આપ્યું હતું.

અંતમાં વિદ્યાર્થીઓએ પોતાના સારા-નરસા સંસ્મરણો રજૂ કર્યા, તથા રંગારંગ કાર્યક્રમ પણ માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડો. રીતુ સકસેના અને સંસ્થાના સ્ટાફની પ્રેરણા અને સહકાર પ્રાપ્ત થયા હતા.



ગાંધીનગરના સેકટર-૧૧ સ્થિત બેંક ઓફ બરોડાની બરોડા એપેકસ એકેડેમી ખાતે વિશ્વ મહિલા દિવસના અનુસંધાને 'બરોડા જ્ઞાની મહિલા વિશેષ ૨૦૧૯' પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં ભારતના જુદા જુદા પ્રદેશોની શાખાઓના મહિલા કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે રાજય સરકારના અધિક મુખ્ય સચિવ સંગીતા સિંહ તથા જીએસડીએમએના મુખ્ય સચિવ અને સીઈઓ અનુરાધા મલ્લ ઉપસ્થિત રહ્યા હતા. એકેડમીના પ્રમુખ પંકજ જાનીના અધ્યક્ષ પદે યોજાયેલી આ સ્પર્ધામાં વિજેતા મહિલાઓને સન્માનવાના સમારોહમાં બેંક ઓફ બરોડાના અમદાવાદ ઝોનના ઝોનલ પ્રમુખ તુલસી બાગવાલેના હસ્તે એવોર્ડ વિતરણ યોજાયું હતું.

## સ્વામી શાંતાનંદજી લિખિત 'સામ અથર્વ વેદ શતક' પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા.૧૩

વૈદિક પરિવાર ગાંધીનગર દ્વારા પુસ્તક વિમોચન, સ્નેહમિલન અને પુરોહિત સન્માન એમ ત્રિવિધિ વૈદિક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૦૦ જેટલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વૈદિક પરિવાર દ્વારા યોજાયેલ સમારોહમાં દક્ષિણ ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, આર્યજગતના સ્વામી શાંતાનંદ સરસ્વતી તથા દર્શનયોગ મહાવિદ્યાલય, આર્યવન-રોજડથી આચાર્ય દીનેશજી આર્ય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના વરદહસ્તે પં. મહેન્દ્રનાથ વેદાલંકારની પુણ્ય સ્મૃતિમાં વૈદિક પદ્ધતિથી સોળ સંસ્કારો કરાવતા અને વૈદિક પરંપરાનો પ્રચાર-પ્રસાર કરતા ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાંથી આવેલ ૩૫ જેટલા પુરોહિતોનું પ્રમાણપત્ર, સાડી-વસ્ત્ર, પુસ્તક આદિની કીટ એનાયત કરી સપત્નિક સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્વામી શાંતાનંદ સરસ્વતી લિખિત સામઅથર્વ વેદ શતક પુસ્તકનું વિમોચન શંભુજી ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન ડૉ. ભાવપ્રકાશ ગાંધી અને વિશાલ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.




## જાગૃત નાગરિક પરિષદ દ્વારા ગાંધી સાર્ધ શતાબ્દી નિમિત્તે ગાંધીજીને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૩

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીના વર્ષમાં કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં સદ્‌ભાવ અને શાંતિ પ્રવર્તાવવાના મંગલ ઉદ્દેશ સાથે સૌને કાર્યરત થવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે આહવાહન કર્યું છે.

પરિષદના મંત્રી સુમંતભાઈ શાહે તાજેતરમાં પ્રસ્તુત રજુઆત કરતા જણાવ્યું છે કે સાંપ્રત જનજીવનમાં દષ્ટિગોચર થતાં કલેશ, બળાત્કાર, વૈમનસ્ય, વિસંવાદ વિચારવંત જનમાનસ અને સામાન્ય પ્રજાજનોમાં રંજ ઉપજાવે છે. સાંપ્રત પ્રશ્નો અને સમસ્યાઓ સમાચારપત્રો, સામયિકો, ટીવી જેવા માસ મિડિયામાં વારંવાર થતા પ્રસાર-પ્રચાર સતત ચિંતા ઉપજાવે છે. પ્રજાસત્તાક લોકશાહી શાસન પધ્ધતિમાં દેશનો વિકાસ સાધતા બંધારણમાં સુસંગત આયોજન કરેલ છે. શાંતિપૂર્ણ રજુઆતોથી આચારસંહિતાનો અમલ થાય તે જોવાની ખાસ જરુર છે.

સભાઓમાં શિષ્ટ, શાંત અને સત્યઆધારિત હકારાત્મક રજુઆતો થાય અને લોકશાહી રીતે તેના જવાબો અપાય તે જરુરી છે. તથા નિર્ભિત રીતે શાંત, હકારાત્મક, શિષ્ટ, નમ્રતા અને સત્ય અહિંસા સુસંગત કડક અને કાર્યક્રમ કાર્યપધ્ધતિ અને આચારસંહિતા ઘડી અમલમાં મુકાય તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને યોગ્ય શ્રદ્ધાંજલિ અર્પી ગણાશે. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદના જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષપદે મળેલ કાર્યવાહક સમિતિની બેઠકમાં નિરંજન ઓઝા, એસ.ડી.આર. મલિક, સુમંતભાઈ શાહ, જીવણલાલ પરમાર, દશરથ પરમાર, હસમુખભાઈ ઠકકર વગેરેએ ઉપસ્થિત રહી સુમંતભાઈ શાહના પ્રસ્તાવને અનુમોદન આપ્યું હતું.

લોકપ્રતિનિધિઓને નિયમ મુજબ વર્તવા જયોતિન્દ્રભાઈ દવેએ અપીલ કરી હતી તેમ મહામંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું હતું.

# શહેરમાં ચુંટણીની ચર્ચાઓ ઠેર ઠેર

ગાંધીનગર, તા.૧૩

ગત લોકસભાની ચુંટણીઓમાં નરેન્દ્ર મોદીની 'ચાય પે ચર્ચા' કેમ્પઈન એ ભારે અસર ઉભી કરી હતી. આ વખતે તેઓ અને તેમના પ્રતિસ્પર્ધીઓ કેવા કેમ્પેઈન લાવશે તે તો આગામી દિવસોમાં ખબર પડશે પરંતુ ચુંટણીઓ જાહેર થતાંની સાથે જ શહેરમાં ચાની કિટલીઓથી માંડીને પાનના ગલ્લે, સોસાયટીઓના નાકાથી માંડીને બગીચાઓના બાંકડે અને શટલિયા રીક્ષાથી માંડીને એસટી બસ કે રેલવે તમામ સ્થળે નાગરિકોમાં લોકસભાની ચુંટણીઓની જ ચર્ચાઓ જોવા મળી રહી છે.

અત્યારે ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ક્રિકેટની વન ડે સિરીઝ ચાલી રહી છે. આગામી સમયમાં આઈપીએલ શરુ થશે તેમજ વર્લ્ડ કપ પણ રમાશે. વળી, રાજયમાં ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષાઓ પણ ચાલી રહી છે. આમ છતાં શહેરના નાગરિકોમાં ચુંટણી અને રાજકારણ જ સૌથી વધુ ચર્ચાતા વિષયો જણાઈ રહ્યા છે. સરકારી કચેરીઓ હોય કે ખાનગી કંપનીની ઓફિસો, શાકબજાર હોય કે મોટા શો રૂમ્સ, બપોરની રીશેષ હોય કે રાત્રે જમ્યા પછી સોસાયટીના નાકે જામતી મિત્ર મંડળી હોય દરેક જગ્યાએ સૌથી વધુ ચર્ચા ચુંટણીઓની જોવા મળી રહી છે. જેમાં નરેન્દ્ર મોદી ફરી વડાપ્રધાન બનશે કે મહાગઠબંધન મેદાન મારી જશે, હાર્દિકને ચુંટણી લડવા મળશે કે નહિ, કોંગ્રેસના વધુ ધારાસભ્યો ભાજપમાં જશે કે હવે ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાવાનો સીલસીલો ચાલુ થશે, ગાંધીનગરની બેઠક પર કયો પક્ષ કોને લડાવશે, ગુજરાતમાં કોને કેટલી બેઠકો મળશે જેવા અનેક મુદ્દે મિત્રો, પડોશીઓ, સહકર્મચારીઓ, ઓળખીતા-પાળખીતાઓ વગેરે એકબીજા સાથે ચર્ચા કરતા જોવા મળે છે અને દરેક પોતપોતાની રીતે તર્ક રજૂ કરી પોતાની વાત રજુ કરતા જોવા મળે છે. એવું નથી કે શહેરમાં બોર્ડની પરીક્ષાઓ, ક્રિકેટ કે ભારત-પાકિસ્તાન તણાવ અને વાવોલની બેંકમાં બંદૂકની અણીએ લૂંટના પ્રયાસ જેવી ઘટનાઓ અંગે ચર્ચા નથી પરંતુ આ બધા મુદ્દા કરતા વધારે ચર્ચા રાજકારણ અને ચુંટણીઓના મુદ્દે થઈ રહી છે તે હકીકત છે અને મોટાભાગની ચર્ચાઓમાં જયારે કોઈ ઉગ્ર ચર્ચા કરવા માડે ત્યારે બીજા તેને શાંત પાડવા એમ પણ કહેતા સાંભળવા મળે છે કે 'છોડને યાર, કોઈ આપણને કાંઈ આપી જવાનું નથી, આપણે તો છેવટે વૈંતરા જ કરવાના છે.'

### 'ટૉક ઓફ ધ ટાઉન'



## સે-૧૧માં ફોનવાલેનો સ્ટોર શરુ કરાયો




સે-૧૧માં ફોનવાલે સ્ટોરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ફોનવાલે ટુંકા સમયગાળામાં ઝડપથી વિકસતા મોબાઈલ રીટેલર તરીકે સ્થાન પામી રહ્યું છે. જમાં ઓનલાઈનથી પણ સસ્તી કિંમતે જુદી જુદી બ્રાન્ડના મોબાઈલ એસેસરીઝ, સ્માર્ટ ટીવી સહિતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ થાય છે. ગાંધીનગરમાં આ સેન્ટર શરુ થતા સ્થાનિકોને પણ તેનો લાભ મળશે.

## આજે સે-૧૬ અને સે-૮ની શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા આવતીકાલે તા. ૧૪મી માર્ચ ગુરુવારે સેકટર-૧૬ અને સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેની સ્પર્ધાઓનું આયોજન કરાયું છે. સેકટર-૧૬ની સરકારી પ્રાથમિક શાળામાં સવારે ૧૧.૧૫ કલાક ધોરણ ૩ થી ૫ના બાળકો માટે ચિત્ર સ્પર્ધા જયારે ધો-૬ થી ૮ના બાળકો માટે સુલેખન સ્પર્ધા યોજાશે. જયારે સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળામાં બપોરે ૧.૩૦ કલાકે ધોરણ ૬ થી ૮ના બાળકો માટે નિબંધ સ્પર્ધા યોજાશે.

## નિ:શુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

સિનિયર સીટીઝન કાઉન્સિલ તથા ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા સી.એમ. કોલેજ ઓફ ફિઝીયોથેરાપીના સહકારથી તા. ૧૮ માર્ચથી તા. ૨૨ માર્ચ દરમિયાન સે-૨૧ સ્થિત વૈષ્ણવ હવેલી મંદિર ખાતે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન ફરતીવાનમાં નિ:શુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઘુંટણના દુ:ખાવા તથા સાંધાના દુ:ખાવાની સારવાર અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સંસ્થા દ્વારા સભ્યોને તથા નગરજનોને કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. મંછાબોન બદાજી ઠાકોર, ઉ.વ. ૭૨
- સ્વ. પરીન્દાબેન અશિતભાઈ પટેલ, ઉ.વ. ૫૧